તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું 'ગુજરાત પહેરેદાર' ન્યૂઝ માટે સમગ્ર ગુજરાતમાં શહેર, તાલુકા અને જિલ્લા સ્તરે પત્રકાર તેમજ બ્યુરો ચીફ તરીકે કારકિર્દી બનાવવા માટે સંપર્ક કરો

+91 9925368282, +91 9824368282,
E-mail: gujaratpaheredar@gmail.com
Website: www.gujaratpaheredar.com

પ્રજાનો આત્મવિશ્વાસ...

RNI NO. GUJGUJ/2022/81940

# ગુજરાત પહેરેદાર

GUJARAT PAHEREDAR WEEKLY

પંચમહાલ, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર સાપ્તાહિક

9925368282 / 9824368282 Email: gujaratpaheredar@gmail.com www.gujaratpaheredar.com

■ YEAR : 02 ■ ISSUE NO. 10 ■ DATE : 06/06/2023, Tuesday ■ Editor : DAXA PARKASH YADAV, Sub Editor: PRAKASH YADAV (PATIL) Mo.No.: 992536 8282 / 9824368282 ■ PAGE 04 ■ PRICE : 2.00 ■ Annual Sub: 150/-
■ Regd. Office : 67, SUNDRANI BHAVAN, SHANTI PRAKASH HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHMACHAL, GUJARAT-389001-INDIA ■ E-mail : gujaratpaheredar@gmail.com

● તંત્રી : દક્ષા પ્રકાશ યાદવ ● સહતંત્રી: પ્રકાશ યાદવ (પાટીલ) ● વર્ષ - ૦૨ ● અંક નં. ૧૦ ● તારીખ : ૬/૦૬/૨૦૨૩, મંગળવાર ● મો. ૯૯૨૫૩૬૮૨૮૨ / ૯૮૨૪૩૬૮૨૮૨ ● કિંમત : ૨.૦૦ ● પાના -૪ ● વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
● રજી. ઓફિસ : ૬૭, સુંદરાની ભવન, શાંતિ પ્રકાશ હાઉસીંગ સોસાયટી, વાવડી ભુજર્ગ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧, ઇન્ડિયા ● E-mail : gujaratpaheredar@gmail.com

## અમેરિકામાં ફરીથી ખાલિસ્તાની ઝંડા ફરકાવાયા : બ્લુ સ્ટાર ઓપરેશનની વર્ષગાંઠની ઉજવણી કરવા માટે ભેગા થયા

પંજાબમાં ઓપરેશન બ્લુ સ્ટારની વર્ષગાંઠને લઈને તણાવભરી સ્થિતિ છે. આ તરફ વિદેશમાં ખાલિસ્તાની સમર્થકો ફરી એકવાર યુવાનોને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગયા રવિવારે અમેરિકાના કેલિફોર્નિયામાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા એક મોટી સભા બોલાવવામાં આવી હતી, જ્યાં સમર્થકો ખુલ્લેઆમ હાથમાં ખાલિસ્તાની ઝંડા લઈને જોવા મળ્યા હતા.

6 જૂને એટલે કે મંગળવારના રોજ સુવર્ણ મંદિરમાં ઓપરેશન બ્લૂ સ્ટારની 39મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે વાતાવરણ તણાવભર્યું ન બને તે માટે પોલીસ પ્રયાસ કરી રહી છે. જેના માટે મહત્વપૂર્ણ પગલા લેવામાં આવી રહ્યા છે. પંજાબ પોલીસની સાથે અર્ધલશ્કરી દળોની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ડીજીપી લો એન્ડ ઓર્ડર પંજાબ અર્પિત શુક્લા પોતે અમૃતસરમાં છે. પરંતુ આ બધાથી વિપરીત વિદેશમાં ગયેલા ખાલિસ્તાની સમર્થકો વિદેશમાં અને પંજાબમાં વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગયા રવિવારે, સાઉથ ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયામાં સિવિક સેન્ટરની બહાર એક વિશાળ સભા બોલાવવામાં આવી હતી. જ્યાં હજારો શીખ પરિવારો એકઠા થયા હતા. આમાં ખાલિસ્તાની સમર્થકો પણ પહોંચ્યા હતા, જેમણે ખાલિસ્તાની ઝંડા ફરકાવ્યા અને લોકોને અને યુવાનોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. ઓપરેશન બ્લુ સ્ટારની વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર પંજાબમાં સુરક્ષા વધારી છે. દરેક જિલ્લામાં વધારાની ફોર્સ મોકલવામાં આવી છે. અમૃતસરમાં 3500 જવાન તૈનાત કરાયા છે.

## ધીરેન્દ્ર શાસ્ત્રી ફરી સુરતમાં : જગતગુરુ રામભદ્રાચાર્યજી 10 જૂને સુરતમાં ભવ્ય સ્વાગતની તૈયારી શરૂ

સુરત શહેરમાં ફરી એક વખત ધીરેન્દ્ર શાસ્ત્રીના આગમનથી તેમના ચાહકોમાં આનંદની લાગણી ફરી વળી છે. ધીરેન્દ્ર શાસ્ત્રી જેમને ગુરુ માને છે તેવા જગતગુરુ રામભદ્રાચાર્ય પણ સુરતમાં 11 તારીખે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવશે. જોકે, જગતગુરુ એક દિવસ પહેલા જ 10 જૂને સુરત આવવાના છે જેને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સુરતના લિંબાયતમાં દિવ્ય દરબારનું આયોજન કર્યા બાદ ફરી એક વખત સુરતમાં એક લગ્ન પ્રસંગે હાજર આપવા માટે આવી રહ્યા છે. 11 તારીખે ધીરેન્દ્ર શાસ્ત્રી સુરત એરપોર્ટ ઉપર આવશે અને ત્યારબાદ તેઓ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે જશે. તેમના ગુરુજી રામભદ્રાચાર્યની પણ ઉપસ્થિત હોવાને કારણે તેઓ પોતે પણ અહીં આવી રહ્યા છે.

## ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં 3 બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણી યોજાશે, ભાજપ બદલશે ચહેરાઓ

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં રાજ્યસભાની ચૂંટણી યોજવામાં આવશે. ગુજરાતમાં રાજ્યસભાની 3 બેઠકો માટે આ ચૂંટણી યોજવામાં આવશે. જેમાં ભાજપ આ વખતે કેટલાક ચહેરાઓ બદલી શકે છે.

ગુજરાતમાં રાજ્યસભાની 3 બેઠકો છે. કોંગ્રેસની કેટલીક બેઠકો પણ આ વખતે ભાજપના ફાળે પૂરતું સંખ્યાબળ ના હોવાના કારણે જશે. ત્યારે ઓગસ્ટ મહિનામાં રાજ્યસભાની થનારી ચૂંટણીની અંદર ભાજપ દ્વારા અત્યારના ચહેરાઓ બદલવામાં આવી શકે છે.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

સૂત્રો તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર 2 ચહેરાઓ બદલાશે. જેથી આ વખતે નવો ચાન્સ ભાજપમાંથી મળવાની શક્યતા છે. સૂત્રો તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર જુગલજી ઠાકોર, દિનેશ અનાવાડીયા ડ્રોપ થઈ શકે છે આ સાથે કેન્દ્રીય મંત્રી જય શંકર પણ ગુજરાતમાં દક્ષિણ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ બન્યા છે. જેથી વિદેશ પ્રધાનને ફરીથી રાજ્યસભામાંથી ચૂંટણી લડાવવામાં આવશે.બીજી તરફ કોંગ્રેસનું સંખ્યાબળ ઓછું હોવાના કારણે 3 બેઠક ભાજપના ફાળે જશે. પ્રાપ્ત વિગતો અનુસાર કેન્દ્રીય ચૂંટણીય પંચ દ્વારા જે રાજ્યોમાં રાજ્યસભાની ટર્મ પૂર્ણ થાય છે ત્યાં પત્ર પણ લખવામાં આવ્યો છે. જેથી ગુજરાતમાં ઓગસ્ટ મહિનાની અંદર ચૂંટણી રાજ્યસભાની યોજવામાં આવશે. જેમાં ભાજપ દ્વારા આ વખતે નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવી શકે છે.

## ગુજરાત પહેરેદાર NEWS – બ્રેકિંગ ન્યુઝ

Email: gujaratpaheredar@gmail.com

- ઓડિશા ટ્રેન અકસ્માત પર FIR: પોલીસની ફરિયાદને આધારે GRP પર દાખલ કર્યો કેસ, 105 લાશોની ઓળખ બાકી.
- ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને પોલીસ એક્શન મોડમાં: સમગ્ર રૂટ પર કર્યું ફૂટ પેટ્રોલિંગ.
- અમદાવાદમાં AMCના ફૂડ વિભાગની કાર્યવાહી: 13 ફૂડ એકમો કર્યા સીલ, જય ભવાની છોલે ભટુરે, ઇટાલિયન પિઝા, નાગર દાળવડા અને કર્ણાવતી દાબેલી સહિતના એકમો સીલ.
- રાજનાથ સિંહે અમેરિકી રક્ષામંત્રીને કર્યા સાવધાન: પાકિસ્તાન ભરોસાપાત્ર નથી તેને હથિયારો ન આપી શકાય.
- ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ 9 જૂન સુધી લંબાવાઈ.
- ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગનું એલાન: ઓડિશા રેલ અકસ્માત પીડિતોના બાળકોને આપશે મફત શિક્ષણ.
- ઓડિશા ટ્રેન દુર્ઘટના: અદાણી ગ્રુપ મૃતકોના બાળકોની શિક્ષણની ઉઠાવશે જવાબદારી.
- દારુ કૌભાંડમાં દિલ્હી હાઈકોર્ટે આપ નેતા મનિષ સિસોદીયાને વચગાળાના જામીન આપવાનો કર્યો ઈન્કાર.
- ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં યોજાશે રાજ્યસભાની 3 બેઠકો માટે ચૂંટણી.
- માફિયા મુખ્તાર અંસારીને MP MLA કોર્ટે ફટકારી આજીવન કેદ સાથે 1 લાખનો દંડ.

## વડોદરા - નીતિન ગડકરીના હસ્તે બે ફ્લાયઓવરનું થયું લોકાર્પણ

### કહ્યું, ગુજરાતમાં અમેરીકા કરતા સારા રોડ હશે

નેશનલ હાઈવે પર અકસ્માત અટકાવવા, ટ્રાફિક ઘટાડવા બનાવવામાં બે ફ્લાયઓવર બનાવવામાં આવ્યા છે. દુમાડ ચોકડી પર બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. દેણા ચોકડી પર બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. લોકો અકસ્માતના ભય વિના જ હાઈવે ક્રોસ કરી શકશે. સાવલી, વડોદરા આવતા જતા વાહનચાલકો જ સર્વિસ રોડનો ઉપયોગ કરશે. ટ્રાફીકની સમસ્યાથી બગડતી 35 મિનિટ લોકોની બચશે. 3-3 મીટરના સર્વિસ રોડ સાથ 12 લેનના ફ્લાયઓવરથી વાહન વ્યવહાર સરળ બનશે. તેના કારણે અમદાવાદથી સુરત અને સુરતથી અમદાવાદ જતા મુસાફરોને ફાયદો થશે.

આ દરમિયાન કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ કહ્યું હતું કે, લોકો અકસ્માતના ભય વિના જ હાઈવે ક્રોસ કરી શકશે. મોદીજીના નેતૃત્વમાં લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળ્યો છે. ગુજરાતમાં હજી પણ વિકાસના કામો અમે કરીશું. ગુજરાતમાં અમેરીકાથી પણ સારા માર્ગ હશે. અકસ્માતો અટકાવવા ફ્લાયઓવરનું નિર્માણ કરાયું છે. જન્માષ્ટમી પહેલી દ્વારકા બ્રીજનું લોકાર્પણ કરાશે.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

આજે ખૂબ જ આનંદની વાત છે કે આ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન થયું. ઉચ્ચ ગુણવત્તાની માળખાકીય સુવિધાઓનું નિર્માણ રાજ્ય અને દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં વધારો કરે છે. નેશનલ હાઈવે 48 ના અમદાવાદ-વડોદરા સેક્શનની દુમાડ ચોકડી પાસે સુધારણાની કામગીરી કરવામાં આવી છે. 27.01 કરોડના ખર્ચે લગભગ 3 કિલોમીટર લંબાઈના આ પ્રોજેક્ટનું આજે ઉદ્ઘાટન કરાયું છે. જેમાં નવા સર્વિસ રોડ, વાહનોના અંડરપાસ અને આરસીસી ક્રેશ બેરિયર બનાવ્યા છે, જેનાથી ટ્રાફિક જામની સમસ્યા દૂર થશે અને મુસાફરી વધુ સુરક્ષિત બનશે. રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવનાર રૂ. 17 કરોડના ખર્ચના બીજા પ્રોજેક્ટની લંબાઈ લગભગ 1 કિમી છે. આ પ્રોજેક્ટમાં વડોદરાના નેશનલ હાઈવે 48 દેના જંકશન પાસે અંડરપાસ અને સર્વિસ રોડ બનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ સૌર ઉર્જાથી ચાલતી સ્ટ્રીટ લાઈટનો પ્રથમવાર નેશનલ હાઈવે 48 પર ઉપયોગ કરવામાં આવ્યો છે.





🙏 દાન માટે જાહેર અપીલ 🙏
"ગુજરાત પહેરેદાર" ન્યૂઝ ના સૌજન્યથી ગુજરાતના મુખ્ય શહેરોમાં સિનિયર સિટીઝનો ને સ્થાનિક પ્રવાસની વિનામૂલ્ય સેવા આપવા માટે દાનવિરોને આવકારીએ છીએ.
- એક ઇલેક્ટ્રીક રિક્ષાની કિંમત ૨ લાખ રૂપિયા,
- દરેક દાતાનું નામ જે તે રિક્ષા પર લખવામાં આવશે.



પ્રજાનો આત્મવિશ્વાસ.. TITLE CODE : GUJGUJ17802
ગુજરાત પહેરેદાર
GUJARAT PAHEREDAR WEEKLY
દર મંગળવારે પંચમહાલ ગુજરાતથી પ્રગટ થતું ગુજરાતી સાપ્તાહિક
સમાચાર, જાહેરાત માટે સંપર્ક: 9824368282, 9925368282,

SHE Team
મહિલાઓ સાથે | મહિલાઓ માટે
સતર્ક રહો.. સલામત રહો..
VADODARA CITY POLICE
પ્રજાનો આત્મવિશ્વાસ.. TITLE CODE : GUJGUJ17802
ગુજરાત પહેરેદાર
GUJARAT PAHEREDAR WEEKLY
દર મંગળવારે પંચમહાલ ગુજરાતથી પ્રગટ થતું ગુજરાતી સાપ્તાહિક
સમાચાર, જાહેરાત માટે સંપર્ક: 9824368282, 9925368282,

સાવધાન
જમીન, મકાન, દુકાન, ઓફીસ, અથવા કોઈપણ મિલકતો ખરીદતા અથવા વેચતા પહેલા સરકાર દ્વારા નવા નીતિનિયમો (જંત્રી, ટેક્સ) ની કાયદાકીય જાણકારી તેમજ સલાહ માટે સંપર્ક કરો.
ગુજરાત પહેરેદાર
9925368282, 9824368282,
ઈમેલ:
gujaratpaheredar@gmail.com




ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી
ઓરિસ્સા રેલવે દુર્ઘટનામાં મૃત્યું પામેલા સૌને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



પ્રજાનો આત્મવિશ્વાસ.. RNI No. : GUJGUJ/2022/81940
ગુજરાત પહેરેદાર
GUJARAT PAHEREDAR WEEKLY
દર મંગળવારે પંચમહાલ ગુજરાતથી પ્રગટ થતું ગુજરાતી સાપ્તાહિક
Email: gujaratpaheredar@gmail.com
તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)





## તંત્રી સ્થાનેથી....

# ગુફી અને સુલોચના, બે જાણીતા ચહેરાની વિદાય

છેલ્લા બે દિવસમાં મનોરંજન જગતમાંથી સુલોચના અને ગુફી પેન્ટલ એમ બે લોકોની વિદાય થઈ ગઈ. સુલોચના અને ગુફી પેન્ટલ બંને મહાન કલાકાર નહોતાં ને વાસ્તવમાં તો તેમના નામે કોઈ એવી મહાન ભૂમિકાઓ કે યોગદાન પણ નથી બોલતાં છતાં બંનેના મૃત્યુની નોંધ લેવી પડે કેમ કે બંનેએ પોતપોતાની રીતે લોકોના માનસ પર અમીટ છાપ છોડી છે. ગુફી પેન્ટલે ૧૯૮૦ના દાયકામાં ધૂમ મચાવનારી બી.આર. ચોપરાની મહાભારત ટીવી સિરિયલના શકુનિ તરીકે જબરદસ્ત ડ્રામેટિક એક્ટિંગ છતાં લોકોને પ્રભાવિત કર્યા હતા તો સુલોચના હિંદી ફિલ્મોમાં માતાના રોલ માટે જાણીતાં હતાં. દેવઆનંદથી માંડીને અમિતાભ બચ્ચન સુધીના હિંદી ફિલ્મોના સુપરસ્ટાર્સની માના રોલ કરીને સુલોચના લગભગ બે પેઢી સુધી હિંદી ફિલ્મ ચાહકોને યાદ થઈ ગયેલો ચહેરો હતો. મરાઠીની ૫૦ જેટલી ફિલ્મોમાં કામ કરનારાં સુલોચનાએ હિંદી ભાષાની ૨૫૦ કરતાં વધારે ફિલ્મો કરી છે.

હિંદી ફિલ્મોમાં બે સુલોચના આવ્યાં ને તેમાંથી અત્યારે ગુજરી ગયાં એ બીજાં સુલોચના હતાં. પહેલાં સુલોચના હિંદી ફિલ્મ ઈતિહાસમાં પાયાના પથ્થરોમાંથી એક હતાં. તેમનું મૂળ નામ રૂબી માયર્સ હતું ને બોલતી ફિલ્મો આવી એ પહેલાં ફિલ્મોમાં આવી ગયેલાં. મૂંગી ફિલ્મોના જમાનામાં પુરુષો જ હીરોઈનની ભૂમિકા કરતા કેમ કે સ્ત્રીઓ ફિલ્મોમાં આવે એવું ચલણ નહોતું. રૂઢિચુસ્ત સમાજ નાટકોમાં કામ કરનારી સ્ત્રીઓને હલકી નજરે જોતો તેથી સ્ત્રીઓ ફિલ્મોથી પણ દૂર રહેતી.

# મેઈન રોડ પર છે જમીન તો ખોલી શકો છો પેટ્રોલ પંપ, થશે છપ્પડફાડ કમાણી: જાણો પ્રોસેસ



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

બિઝનેસ

દેશમાં દરેક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણની માગ હંમેશા રહે છે. આવી સ્થિતિમાં, જો તમે નવો બિઝનેસ શરૂ કરવા માગો છો, તો તમે પેટ્રોલ પંપ ખોલી શકો છો. પેટ્રોલ પંપનો ધંધો એવો ધંધો છે જે સફળ થવાની સંપૂર્ણ ગેરેન્ટી છે. આજકાલ, પેટ્રોલ અને ડીઝલની વધતી માગને કારણે, દરેક નાના-મોટા ગામ અને શહેરમાં નવા પેટ્રોલ પંપ ખુલી રહ્યા છે, જેનો અર્થ એ છે કે આ બિઝનેસ શરૂ કરીને તમને ખૂબ જ નફો મળશે.

આપને જણાવી દઈએ કે, પેટ્રોલ પંપ ખોલવા માટે તમારી પાસે કોઈપણ મુખ્ય રસ્તા પર ઓછામાં ઓછી 800 ચોરસ મીટર જમીન હોવી જરૂરી છે. ચાલો જાણીએ પેટ્રોલ પંપ ખોલવા માટે તમારે શું કરવું પડશે.

આ યોગ્યતા હોવી જોઈએ

જો તમે પેટ્રોલ પંપ ખોલવા માગો છો, તો તેના માટે યોગ્યતાના માપદંડ હેઠળ તમારી ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષની હોવી જોઈએ. તેની સાથે, અરજદારે માન્ય બોર્ડમાંથી ધોરણ 10 પાસ કરેલ હોવું જોઈએ. આ સિવાય, અરજદારને રિટેલ આઉટલેટ, બિઝનેસ અથવા અન્ય સંબંધિત ક્ષેત્ર ચલાવવાનો ઓછામાં ઓછો 3 વર્ષનો અનુભવ હોવો આવશ્યક છે. ઉપરાંત, અરજદારનો કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવો જોઈએ.

આ વસ્તુઓની પડશે જરૂર

પેટ્રોલ પંપ ખોલવા માટે કોઈપણ મેન રોડ પર તમારા નામે જમીન હોવી જરૂરી છે. જો તમે એક ડિસ્પેન્સિંગ યુનિટ ઈન્સ્ટોલ કરો છો, તો 800 ચોરસ મીટર અને બે ડિસ્પેન્સિંગ યુનિટ માટે 1200 ચોરસ મીટર જમીનની જરૂર પડશે. તેમજ આ જમીન કોઈપણ પ્રકારના કાયદાકીય વિવાદોથી મુક્ત હોવી જોઈએ.

પેટ્રોલ પંપ બિઝનેસમાં ખર્ચ અને કમાણી - જો કે, પેટ્રોલ પંપ ખોલવા માટે તમારે શરૂઆતમાં ઘણા રૂપિયા રોકાણ કરવા પડે છે, પરંતુ એકવાર તમે કમાવાનું શરૂ કરો છો, તો તમે તેને જલ્દીથી રિકવર કરી શકો છો. આપને જણાવી દઈએ કે, એકવાર તમે પેટ્રોલ પંપ શરૂ કરો છો, તો તમારે ઓછામાં ઓછા 8-10 લાખ રૂપિયાનું રોકાણ કરવું પડશે. જ્યારે તમારા પેટ્રોલ પંપ પર ઈંધણનું વેચાણ શરૂ થાય છે, ત્યારે તમે તેની કમાણીથી દર વર્ષે આટલી જ રકમ સરળતાથી બચાવી શકો છો.

# ચક્કર (વર્ટિગો) હોમિયોપેથી અભિગમ




હેલ્થ અને ફિટનેસ

ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

ચક્કર આવવા એ કોઈ રોગ નથી, પરંતુ તે અંતર્ગત રોગનું લક્ષણ છે. ચક્કર જે શરીરના સંતુલનમાં ખલેલના પરિણામે થાય છે. ચક્કર માટે અન્ય કેટલાક સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા શબ્દો વર્ટિગો, હળવા માથા, બેભાનપણું અને અસ્થિરતા છે. વિશ્વના તમામ પુખ્ત વયના લોકોમાંથી લગભગ ૪૦ ટકા લોકો તેમના જીવનકાળ દરમિયાન ઓછામાં ઓછા એક વખત ચક્કરનો અનુભવ કરે છે. ચક્કર સામાન્ય રીતે વૃદ્ધ લોકોમાં વધુ જોવા મળે છે, પરંતુ તે કોઈપણ ઉંમરે કોઈને પણ અસર કરી શકે છે. પુરુષો કરતા સ્ત્રીઓમાં ચક્કરના લક્ષણોનો અનુભવ થવાની સંભાવના થોડી વધારે હોય છે. ચક્કરનો હુમલો અચાનક થઇ શકે છે અને થોડી સેકંડ સુધી ટકી શકે છે, અથવા તે વધુ સમય સુધી ટકી શકે છે. જો ચક્કર ની તીવ્રતા વધારે હોય અને તે લાંબા સમય સુધી રહે અને જે સામાન્ય જીવનને ખૂબ જ મુશ્કેલ બનાવે છે. તેનો તાત્કાલિક ઉપાય કરવો જોઈએ.

પ્રકાર- વ્યક્તિલક્ષી ચક્કર - આ મુખ્યત્વે ત્યારે જોવા મળે છે જ્યારે દર્દીને લાગે છે કે તે એવું લાગે કે તે પોતે ગોળ ગોળ ફરી રહ્યો છે.

ઓબ્જેક્ટિવચક્કર - આ મુખ્યત્વે ત્યારે જોવા મળે છે જ્યારે દર્દીને લાગે છે કે તેની આસપાસની વસ્તુઓ ગોળ ફરી રહી છે.

કારણો- બિનાઈન પેરોક્સિસમલ પોઝિશનલ વર્ટિગો. બીપીપીવી કોઈપણ કારણ વગર થઈ શકે છે અને તે વય સાથે સંકળાયેલ હોઈ શકે છે.

મેનીઅરનો રોગ. તે કાનમાં રિંગિંગ (ટીનીટસ) અને શ્રવણશક્તિ ગુમાવવાની સાથે ચક્કરના એપિસોડનું કારણ બની શકે છે. વેસ્ટિબ્યુલર ન્યુરાઈટિસ અથવા લેબિરિન્થાઈટિસ. આ એક આંતરિક કાનની સમસ્યા છે જે સામાન્ય રીતે ચેપ (સામાન્ય રીતે વાયરલ) સાથે સંબંધિત છે.

અન્ય કારણોઃ માથા અથવા ગળાની ઈજા, સ્ટ્રોક અથવા ટ્યુમર જેવી મગજની સમસ્યાઓ, કાનને નુકસાન પહોંચાડતી ચોક્કસ ધ્વાઓ, આધાશીશીનો માથાનો દુખાવો

લક્ષણો- સંતુલન ગુમાવવું - જેના કારણે ઊભા રહેવું કે ચાલવું મુશ્કેલ થઇ શકે છે માંદગી અનુભવવી અથવા બીમાર હોવું. માથાનો દુખાવો, ચક્કર, ઉબકા અને ઉલટી - કાનમાં રિંગિંગ, ટિનીટસ, માથાનો દુખાવો, નિસ્ટાગ્મસ, જેમાં આંખોની અનિયંત્રિત, ઝડપી, ધ્રુજારી જેવું થાય છે.

ચક્કર માટે હોમિયોપેથી અભિગમ- ચક્કર માટે હોમિયોપેથીની ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે. હોમિયોપેથિક દવાઓ દર્દીઓને પરંપરાગત દવાઓની કોઇ પણ પ્રકારની આડઅસર સહન કર્યા વિના સામાન્ય સ્થિતિમાં પાછા ફરવામાં મદદ કરશે.

તે માત્ર ચક્કરના હુમલાની તીવ્રતા અને આવર્તનને નિયંત્રિત કરવામાં જ નહીં, પરંતુ આ સ્થિતિ સાથે વારંવાર સંકળાયેલી ચિંતાને દૂર કરવામાં પણ મદદ કરે છે. તે દર્દીની સામાન્ય રોગપ્રતિકારકશક્તિ અને જીવનશક્તિમાં સુધારો કરે છે, ઉપરાંત ચક્કર આવવાના કારણને લક્ષ્ય બનાવે છે. તે ચક્કરના ડરને દૂર કરીને સંતુલિત માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપીને દર્દીઓના આત્મવિશ્વાસને વધારવામાં મદદ કરે છે. વર્ટિગો માટે કેટલીક સામાન્ય રીતે ઉપયોગમાં લેવામાં આવતી હોમિયોપેથિક દવાઓમાં બ્રાયોનિયા આલ્બા, કોક્યુલસ ઈન્ડિકસ, કોનીયમ મેક્યુલેટમ, જેલ્સિમિયમ ફોસ્ફરસ, લાઈકોપોડિયમ, વેરાટ્રમ આલ્બમ, પલ્સેટીલા અને અન્યનો સમાવેશ થાય છે.

# ક્રિકેટર ઉત્કર્ષા પવારની સાથે લગ્નના બંધનમાં બંધાયો સીએસકેનો ઓપનર ઋતુરાજ ગાયકવાડ



રમત ગમત

ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમનારા ભારતીય બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડ લગ્નમાં બંધાયેલા છે. ગાયકવાડે મહારાષ્ટ્ર માટે ઘરેલું ક્રિકેટ રમનારા ઉત્કર્ષા પવાર સાથે લગ્ન કર્યા. 26 -વર્ષના ગાયકવાડે 3 જૂન, શનિવારે ઉત્કર્ષા પવાર સાથે સાત રાઉન્ડ લીધા હતા અને લગ્નના ફોટા તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ દ્વારા શેર કર્યા હતા. આ ચિત્રો વધુને વધુ વાયરલ થઈ રહ્યા છે.

ગાયકવાડ લાંબા સમયથી ઉત્કર્ષાને ડેટ કરી રહ્યો હતો અને ગઈકાલે તેણે તેની સાથે લગ્ન કર્યા હતા. ઉત્કર્ષા ઘણીવાર આઈપીએલ મેચ જોવા અને ગાયકવાડને ઉત્સાહિત કરવા આવતો હતો. ઉત્કર્ષા આઈપીએલ 2023 ની અંતિમ મેચમાં મેચ જોવા માટે પણ આવી હતી. મેચ પછી, ગાયકવાડે પોતે તેની સાથે સોશિયલ મીડિયા પર ટ્રોફી પકડી એક તસવીર શેર કરી હતી.

ગાયકવાડ અને ઉત્કર્ષાએ મહારાષ્ટ્રમાં મહાબાલેશ્વર સાથે લગ્ન કર્યા. બંનેએ તેમના લગ્નના ફોટા સોશિયલ મીડિયા દ્વારા શેર કર્યા. આ ચિત્રો સારી રીતે પસંદ કરવામાં આવી રહી છે. ચાહકો ચિત્રો પર તેમના પ્રેમ તીવ્ર બતાવી રહ્યા છે. અત્યાર સુધીમાં, 8.5 લાખથી વધુ લોકોને ફોટા ગમ્યાં છે. ઘણા લોકોએ ટિપ્પણી કરી અને અભિનંદન આપ્યા છે.

આ ખેલાડીઓએ અભિનંદન બદલ ટિપ્પણી કરી - ગાયકવાડને આ ચિત્રો દ્વારા લગ્ન માટે અભિનંદન મળી રહ્યા છે. આમાં, ઘણા ખેલાડીઓએ પણ આ દંપતીને ચિત્રો દ્વારા અભિનંદન આપ્યા હતા. આ ખેલાડીઓમાં શિખર ધવન, મહિષ તિક્ષણા, દેવદત્ત પડિકલ, વિજય શંકર, રાજત પાટીદાર, રવિ બિશ્નોઇ, રાહુલ ચહર, તિલક વર્મા, અર્શદીપ સિંઘ, ઉમરલ મલિક, રાશિદ ખાન, ખલીલ અહુલ આહલ ટ્રીક ચાઈમ સહિતના ઘણા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

7 જૂનથી ભારતીય ટીમ 2023 ની અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ રમશે. ગાયકવાની મેચ માટે ભારતીય ટીમમાં સ્ટેન્ડબાય ખેલાડી તરીકે પસંદગી થઇ હતી. પરંતુ લગ્નને કારણે તેણે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. પાછળથી રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા યશસ્વી જયસ્વાલની ગાયકવાડના બદલે તેની બદલી તરીકે પસંદ કરવામાં આવી.

# બદનામીના કેસમાં કોર્ટે સંજીવ ભટ્ટના વકીલને મુલાકાત માટે મંજૂરી આપી

## તિસ્તા સેતલવાડની ડોક્યુમેન્ટ માટે 12 જૂને સુનાવણી



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

ગુજરાત 2002નાં રમખાણો બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરનાર તિસ્તા સેતલવાડ, પૂર્વ DGP આર.બી. શ્રીકુમાર અને પૂર્વ IPS ઓફિસર સંજીવ ભટ્ટ સામે SITની તપાસ ચાલી રહી છે. ત્યારે આજે સેશન્સ કોર્ટમાં આ કેસ પર વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આજની સુનાવણીમાં કોર્ટે સંજીવ ભટ્ટના વકીલને પાલનપુર જેલમાં મુલાકાત માટે મંજૂરી આપી છે તેમજ તિસ્તા સેતલવાડના ડોક્યુમેન્ટ માટે 12 જૂને સુનાવણી હાથ ધરાશે. આજની સુનાવણીમાં કોર્ટે સંજીવ ભટ્ટના વકીલને પાલનપુર જેલમાં મુલાકાત માટેની પરવાનગી આપી છે. કોર્ટ દ્વારા સંજીવ ભટ્ટને સુનાવણી દરમિયાન વીડિયો કોન્ફરન્સથી હાજર રાખવા પણ પાલનપુર જેલને ટકોર કરવામાં આવી છે. જ્યારે તિસ્તા સેતલવાડની ડોક્યુમેન્ટ માટે 12 જૂને સુનાવણી હાથ ધરાશે. અગાઉ સેશન્સ કોર્ટની સુનાવણીમાં ચાર્જફ્રેમ પ્રક્રિયામાં સતત ગેરહાજર રહેનાર આર.બી શ્રીકુમારે ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરીને પોતાને દોષમુક્ત કરવા માગ કરી હતી.

તેમના દ્વારા રજૂઆત કરાઈ હતી કે તેમની સામે કોઈ કેસ બનતો નથી. પૂર્વાગ્રહ રાખીને તેમની સામે ફરિયાદ થઈ છે. આર.બી. શ્રીકુમારની આ ડિસ્ચાર્જ અરજી મામલે સરકારી વકીલે વિરોધ કર્યો હતો. આર.બી. શ્રીકુમારને આ કેસમાંથી રાહત ન આપવા રાજ્ય સરકારવતી સરકારી વકીલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. આર.બી. શ્રીકુમારની ડિસ્ચાર્જ અરજી પર અંતિમ સુનાવણી પણ 12 તારીખે હાથ ધરાશે.

ગુજરાતમાં થયેલાં 2002નાં રમખાણો બાદ પીડિતોને ન્યાય અપાવવાના બહાને અલગ અલગ NGOમાં વિદેશી રૂપિયા આવ્યા હતા, જેનો ઉપયોગ તિસ્તા સેતલવાડે અંગત ઉપયોગ માટે કર્યો હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તિસ્તાની સાથે જોડાયેલા NGOની તપાસ કરી હતી. એમાં તેણે મોંઘાં ચંપલ, બેગ અને પોતાની અંગત વસ્તુઓ ખરીદી હતી. અગાઉ તિસ્તા સેતલવાડે ઝાકિયા જાફરીની સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

# યુવાન ત્વચા માટે ઘરે જ બનાવો રાઈસ વોટર માસ્ક, તમે 50 વર્ષની ઉંમરે પણ યુવાન દેખાશો...



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

હેલ્થ એન્ડ ફિટનેસ

ચોખાના પાણીમાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમ અને એન્ટી-ઓક્સીડેન્ટ જેવા ઘણા પોષક તત્વો હાજર હોય છે. એટલા માટે ચોખાનું પાણી તમારા સ્વાસ્થ્યની સાથે ત્વચા માટે પણ સારું માનવામાં આવે છે. આવી સ્થિતિમાં આજે અમે તમારા માટે ઘરે જ ચોખાના રાઈસ વોટર માસ્ક બનાવવાની રીત લાવ્યા છીએ. રાઈસ વોટર માસ્કનો ઉપયોગ તમારી ત્વચાને અંદરથી પોષણ આપે છે, જે તમારા ચહેરા પર હાજર પિમ્પલ્સ અને ખીલની સમસ્યાને દૂર કરે છે. ચોખાના પાણીમાં એન્ટિ-એજિંગ ગુણધર્મો પણ હાજર છે, તેથી રાઈસ વોટર શીટ માસ્ક લગાવવાથી, તે કરચલીઓ અને ફાઈન લાઈન્સ જેવા વૃદ્ધત્વના સંકેતોને ઘટાડવામાં પણ મદદ કરે છે. તેનાથી તમારી ત્વચા લાંબા સમય સુધી યુવાન અને ચમકદાર બને છે, તો ચાલો જાણીએ કે રાઈસ વોટર શીટ માસ્ક કેવી રીતે બનાવવો.

રાઈસ વોટર શીટ માસ્ક બનાવવા માટે જરૂરી સામગ્રી-

ચોખાનું પાણી- શીટ માસ્ક પ્લેન- રાઈસ વોટર શીટ માસ્ક બનાવવા માટે, સૌ પ્રથમ એક બાઉલ લો. પછી તમે 1 મુઠ્ઠી ચોખાને આખી રાત પાણીમાં પલાળી રાખો. આ પછી બીજા દિવસે સવારે ચોખામાંથી પાણી ગાળી લો અને તેને એક અલગ બાઉલમાં નાખો. પછી એક સાદો શીટ માસ્ક લો અને તેને આ પાણીમાં સારી રીતે બોળી દો. હવે તમારું રાઈસ વોટર શીટ માસ્ક તૈયાર છે. ઉપયોગ -રાઈસ વોટર શીટ માસ્ક લગાવતા પહેલા તમારા ચહેરાને ધોઈ લો અને સાફ કરો. પછી તૈયાર કરેલ શીટ માસ્કને તમારા ચહેરા પર બરાબર લગાવો. આ પછી, આ શીટ માસ્કને ચહેરા પર લગાવો અને લગભગ 10-15 મિનિટ સુધી તેને સૂકવી દો. પછી તમે તેને કાઢી લો અને તમારો ચહેરો ધોઈને સાફ કરો.

Accident Or Conspiracy Godhra

# તોફાનીઓએ 59 લોકોને સળગાવી દીધા, હવે દુનિયા જોશે ગોધરાની કહાની મોટા પડદા પર..




ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

મનોરંજન

Accident or Conspiracy Godhra: તોફાનીઓએ 59 લોકોને સળગાવી દીધા, હવે દુનિયા જોશે ગોધરાની કહાની મોટા પડદા પર..

કાશ્મીરી પંડિતોના નરસંહાર પર બનેલી ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સ પછી, કેરળની હિંદુ છોકરીઓને લવ જેહાદમાં ફસાવી અને મરવા માટે સીરિયા-અફઘાનિસ્તાન મોકલવા પર આધારિત ધ કેરલા સ્ટોરી મૂવી આ દિવસોમાં ઘણી ચર્ચામાં છે. પહેલીવાર લોકો ગંભીરતાથી સમજી રહ્યા છે કે કેવી રીતે હિંદુ ધર્મના મૂળ પર વ્યવસ્થિત રીતે હુમલો કરવામાં આવી રહ્યો છે અને લોકોને તેમના ધર્મથી દૂર કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રવાદી ફિલ્મોની આ શ્રેણીમાં હવે વધુ એક મોટી ફિલ્મ આવવાની છે.

ગુજરાતના ગોધરા હત્યાકાંડ પર બનેલી ફિલ્મ 'એક્સીડેન્ટ ઓર કોન્સ્પિરસી ગોધરા'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે.. ફિલ્મના દિગ્દર્શક બીજે પુરોહિત અને રામકુમાર પાલ છે, જ્યારે તેનું નિર્દેશન એમકે શિવક્ષે કર્યું છે. આ ફિલ્મ ગોધરા હત્યાકાંડ કેસની તપાસ માટે રચાયેલા નાણાવટી-મહેતા કમિશનના તપાસ અહેવાલના તથ્યો પર આધારિત છે.

આ ફિલ્મ 27 ફેબ્રુઆરી 2002ના રોજ ગોધરામાં 59 લોકોને સળગાવી દેવાની ઘટનાની તપાસ કરતી જોવા મળી રહી છે. આજથી 21 વર્ષ પહેલા બનેલી આ ભયાનક ઘટનામાં અયોધ્યાથી સાબરમતી એક્સપ્રેસ દ્વારા કારસેવા કરીને પરત ફરી રહેલા લોકોને S-6 કોચમાં ઘેરીને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. આ ઘટનામાં 27 મહિલાઓ અને 10 બાળકો સહિત કુલ 59 લોકોના કરૂણ મોત થયા હતા.

ફિલ્મના ડાયરેક્ટર એમકે શિવક્ષના જણાવ્યા અનુસાર આ ફિલ્મ બનાવવા માટે 4 વર્ષ સુધી સતત રિસર્ચ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જે હકીકતો સામે આવી હતી તેને ધ્યાનમાં રાખીને આ ફિલ્મનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું હતું. લોકોને લઈ જતી ટ્રેન પર હુમલાનું પ્લાનિંગ પૂર્વ નિર્ધારિત હતું કે પછી તે આકસ્મિક ઘટના હતી. આ તમામ સવાલોના જવાબ આ ફિલ્મમાં જોવા મળશે.

ફિલ્મના નિર્માતા બી.જે. પુરોહિતના જણાવ્યા અનુસાર, લોકો ઘણીવાર ગોધરા કાંડને 2002ના હિંદુ-મુસ્લિમ રમખાણો તરીકે ઓળખે છે, પરંતુ તે પહેલા ગોધરા કેવું હતું? આખરે ગુજરાતના રમખાણોની આડમાં જે સત્ય દબાવવામાં આવ્યું હતું તે શું છે? આ ઘટનાને અંજામ આપવા પાછળ તોફાનીઓની કેવી માનસિકતા હશે. લોકોની ચીસો સાંભળવા છતાં તેનું દિલ કેમ ન તૂટી ગયું, આ બધું આ ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે.

જણાવી દઈએ કે 27 ફેબ્રુઆરી 2002ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત સમય કરતા લગભગ 5 કલાક મોડી ગોધરા પહોંચી હતી. ટ્રેનની બોગી નંબર S-6માં અયોધ્યાથી કારસેવા કરીને પરત ફરી રહેલા લોકો સવાર હતા. આ સ્ટેશન પર ટ્રેનને માત્ર 5 મિનિટ જ રોકવી પડી હતી. જ્યારે ટ્રેન આગળ વધવા લાગી ત્યારે કોઈએ તેને ચેઈન ખેંચીને અટકાવી. આ પછી લગભગ 2,000 ઘાંચી મુસ્લિમોનું ટોળું સ્ટેશનની આસપાસ ઘસી આવ્યું અને ટ્રેનના એન્જિન રૂમમાંથી આખા સ્ટેશનને કબજે કરી લીધું. તે ઘાંચી મુસ્લિમ સ્ટેશન પર ગેરકાયદેસર રીતે ઠંડા પીણા અને અન્ય વસ્તુઓ વેચતો હતો.

## જાણવા જેવું

- વિશ્વના ક્યા દેશમાં સફેદ હાથી જોવા મળે છેઃ થાઈલેન્ડ
- વિશ્વમાં કેટલા મહાસાગર આવેલા છેઃ ૫ મહાસાગર
- વિશ્વનો સૌથી નાનો મહાસાગરઃ આર્કટિક મહાસાગર
- ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી ક્યારે થઈઃ વર્ષ ૧૮૭૨
- ભારતનો પ્રથમ એક્સપ્રેસ હાઈવેઃ મુંબઈ - પુણે એક્સપ્રેસ વે
- ભારતમાં ૧૦૦ ટકા શિક્ષણ ધરાવતુ રાજ્યઃ કરેલ
- ૭) ક્યા દેશમાં સૌથી વધારે કોફી પીવાય છેઃ ફિનલેન્ડ
- કારગીલ યુદ્ધ ક્યારે થયું હતુંઃ વર્ષ ૧૯૯૯
- ભારત - પાકિસ્તાન યુદ્ધ ક્યારે થયું હતુંઃ વર્ષ ૧૯૬૫
- પાણીપત ની પ્રથમ લડાઈઃ વર્ષ ૧૫૨૬

ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

# વાસ્તુના આ ઉપાયોથી પરિવારમાં દરેક વ્યક્તિ રહેશે સ્વસ્થ, અજમાવો આ ઉપાયો



ન્યૂઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

વાસ્તુશાસ્ત્ર / જ્યોતિષ

શાસ્ત્રોમાં સારા સ્વાસ્થ્યને સૌથી મોટી સંપત્તિ કહેવામાં આવી છે. જો તમારું સ્વાસ્થ્ય સારું હોય તો તમે ઈચ્છો તે બધું મેળવી શકો છો પરંતુ જો તમારું સ્વાસ્થ્ય સારું ન હોય તો તમારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કેટલીકવાર ઘરની વાસ્તુ દોષ આ બધાનું કારણ હોય છે. ઘરના કોઈકે બીજા સભ્યની બીમારી અથવા પરિવારમાં ઝઘડા, આ વાસ્તુ દોષના સંકેતો છે. વાસ્તુશાસ્ત્રમાં કેટલાક એવા ઉપાય જણાવવામાં આવ્યા છે, જેને અજમાવવાથી પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહેશે અને પરિવારનું વાતાવરણ પણ ખુશનુમા રહેશે. ચાલો જાણીએ વાસ્તુના આ ઉપાયો વિશે...

વાસ્તુમાં આ વસ્તુ જરૂરી છે - વાસ્તુશાસ્ત્ર અનુસાર, જો તમારા ઘરનો મુખ્ય દરવાજો તૂટી ગયો હોય અથવા કોઈ પ્રકારની ખામી હોય તો તેને જલ્દીથી જલ્દી ઠીક કરાવો, તે ખૂબ જ જરૂરી માનવામાં આવે છે. વાસ્તુ અનુસાર આનાથી ઘરના સભ્યોના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડે છે અને ઘરમાં કલેશ અને ઝઘડાઓ થતા રહે છે. તેથી તમારા ઘરના મુખ્ય દરવાજાને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખો.

આ જગ્યાએ ભારે વસ્તુઓ ન રાખો - જો ભારે વજનની વસ્તુઓ અથવા ફર્નિચર ક્યારેય ઘરની મધ્યમાં ન રાખવું જોઈએ. આ સ્થાનને વાસ્તુમાં બ્રહ્મ સ્થાન માનવામાં આવે છે, આ સ્થાનને હંમેશા ખાલી અને સ્વચ્છ રાખવું જોઈએ. આ સ્થાન પર ભારે વસ્તુઓ રાખવી સ્વાસ્થ્યની દૃષ્ટિએ યોગ્ય માનવામાં આવતી નથી. આનાથી પરિવારના સભ્યોના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડે છે, તેથી જ તેને દૂર કરવું યોગ્ય માનવામાં આવે છે. આ સાથે એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે ઘરમાં પ્રમુખ દેવતાની મૂર્તિ હંમેશા દક્ષિણ દિશામાં હોવી જોઈએ.

આ સ્થાન પર મંદિર હોવું જોઈએ - વાસ્તુશાસ્ત્ર અનુસાર, ઘરનો ઉત્તર-પૂર્વ ખૂણો ખૂબ જ શુભ માનવામાં આવે છે કારણ કે તે ભગવાનનો વાસ માનવામાં આવે છે. જો તમારા ઘરનું મંદિર આ દિશામાં હોય તો તે ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિશામાં મંદિર રાખવાથી તમને ન માત્ર સ્વસ્થ શરીર મળશે, પરંતુ ઘરમાં સુખ-સમૃદ્ધિ પણ રહેશે. યોગ્ય જગ્યાએ મંદિર હોવાને કારણે ઘરમાં સકારાત્મક ઉર્જા બની રહે છે અને ભગવાનની કૃપાથી સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે.

આવી વસ્તુઓ ઘરમાં ન રાખો - ઘરમાં ક્યારેય તૂટેલા કાચ, અટકેલી ઘડિયાળ, તૂટેલી વસ્તુઓ, જંક વગેરે ન રાખવા જોઈએ, તેનાથી ઘરના સભ્યોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે અને આર્થિક બાબતો પર પણ નકારાત્મક અસર પડે છે. સાથે જ ઘરમાં કોઈ અનિચ્છનીય વસ્તુઓ ન હોવી જોઈએ. સાંજે ઘરમાં કપૂર સળગાવો, જેનાથી ઘરમાં સકારાત્મકતાનું વાતાવરણ બને છે અને સ્વસ્થ શરીર પણ મળે છે.

આ વસ્તુ ઘરે લાવો - વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘર અથવા ઓફિસની અંદર ક્રિસ્ટલ બોલ રાખવો શુભ માનવામાં આવે છે અને વ્યક્તિ માટે સૌભાગ્ય લાવે છે. ક્રિસ્ટલ બોલ નકારાત્મક ઊર્જાને શોષી લે છે અને તમારા ઘર અને ઓફિસને ખરાબ નસીબથી મુક્ત રાખે છે. તમે ઘરના મુખ્ય દરવાજા પર ક્રિસ્ટલ બોલ પણ મૂકી શકો છો. આના કારણે ઘરમાં સકારાત્મક ઉર્જા બની રહે છે અને પૈસા અને અનાજની કમી નથી રહેતી.

### વિશ્વ પર્યાવરણ દિવસ

# પાવાગઢના સાંનિધ્યમાં મંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં કરાઈ ઉજવણી



બ્યુરો ચીફ: **મહેશ સુંદરાની - ગુજરાત પહેરેદાર**, ગોધરા

ગોધરા: પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે રાજ્યના પંચાયત અને કૃષિમંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના હસ્તે પાવાગઢ તળેટી ખાતે સ્થિત શ્વેતાંબર જૈન મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત અને દીપ પ્રાગટય થકી કરાઈ હતી સાથે મિશન લાઈફની સામૂહિક ગતિશીલતા કાર્યક્રમની પણ ઉજવણી કરાઈ હતી.

ઉપસ્થિત મંત્રીશ્રી બચુભાઈ ખાબડે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સમસ્યાનો સામનો કરી રહ્યુ છે અને ઋતુઓમાં પણ બદલાવ આવ્યો છે ત્યારે આપણે સૌ કોઈ સાથે મળીને પર્યાવરણ અને વૃક્ષોનું જતન અને સંવર્ધન કરીએ. તેમણે પર્યાવરણને લઈને વન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

મંત્રીશ્રીએ દરેક વ્યક્તિને પાંચ વૃક્ષો વાવવા અને તેનું સંવર્ધન કરવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને પર્યાવરણનું જતન કરવા માટે સામૂહિક શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

પાવાગઢ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રાકૃતિક યુનિવર્સિટીના વાઈસ ચાન્સલરશ્રી ટીંબાડીયા, જિલ્લાપંચાયતપ્રમુખકુ.કામિનીબેન સોલંકી, હાલોલ ધારાસભ્યશ્રી જયદ્રથસિંહ પરમાર, અધિક અગ્ર વન સંરક્ષકશ્રી જયપાલસિંહ, જિલ્લા કલેકટરશ્રી આશિષકુમાર, ગોધરા નાયબ વન સંરક્ષકશ્રી મીણા, પ્રાંત અધિકારીશ્રી, હાલોલ સહિત મોટી સંખ્યામાં વનવિભાગના અધિકારીઓ/કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.




રિપોર્ટર: **નયનાબેન ચુડાસમા, ગુજરાત પહેરેદાર** - અમદાવાદ

# ઓરિસા દુર્ઘટના: ઓલ ગુજરાત રેલ્વે પેસેન્જર એસોસિયેશન દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

અમદાવાદ: રવિવારે મણીનગર રેલ્વે બહાર ઓલ ગુજરાત રેલ્વે પેસેન્જર એસોસિયેશન દ્વારા આયોજિત ઓરિસા ટ્રેન દુર્ઘટનામાં અવસાન પામેલ આત્માઓની સદગતિ અર્થે મણીનગર રેલ્વે સ્ટેશન પાસે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ પૂર્વ વિસ્તારના કોંગ્રેસના જ્યોર્જ ડાયસ સહિત અનેક અગ્રણી મહાનુભાવો અને કાર્યકરો દ્વારા ઓરિસ્સાના બાલાસોરની ટ્રેન દુર્ઘટનામાં ભોગ બનેલની આત્માની શાંતિ માટે મીણબત્તી પ્રજ્વલિત કરીને શાબ્દિક પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલી આપી હતી.

# અકસ્માતમાં ઘવાયેલ નીલગાયનો જીવ બચાવતી દાહોદ કરુણા એમ્બ્યુલન્સ ટીમ

રિપોર્ટર: **અક્ષયકુમાર ડી પરમાર - ગુજરાત પહેરેદાર**, દાહોદ

દાહોદ: EMRI ગ્રીન હેલ્થ સર્વિસ અને ગુજરાત પશુ-પાલન વિભાગના સંકલનથી કાર્યરત કરુણા એમ્બ્યુલન્સ જે દાહોદ સિટી વિસ્તાર માટે અબુલા પશુ પક્ષીઓ માટે સંજીવની બુટ્ટી ગણાતી જે પશુ ઓની સારવાર માટે હંમેશા કાર્ય રત છે.

ગત માહિત અનુસાર દાહોદના બોરડી ગામ વિસ્તારમાં રહેતા કાર્તિકભાઈએ એક નીલગાયનું અકસ્માત થતા જોઈ તેમને ૧૯૬૨ પર કૉલ કર્યો હતો અને કોલ મળતા તરત જ એમ્બ્યુલન્સના ડૉ દર્શન ડામોર અને તેમના પાયલોટ કમ ડ્રેસર સતીષ ભાઈ અડ ઘટના સ્થળ પર જવા નીકળી ગયા હતા.

નીલગાયના પગના ભાગ પર ગંભીર ઈજા પામેલ હતી અને પગના ભાગ મા ફેક્ચર હતું. વન વિભાગના કર્મચારી શ્રી પી. એમ. બારીયાની ઉપસ્થિતિ માં ડો. દર્શન ડામોર એ 2 કલાક મહેનતથી ઈજા પામેલા એટલા ભાગને સફળ ઓપરેશન કરીને અલગ કરવામાં આવ્યો હતો અને નીલગાયનો જીવ બચાવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના થયા બાદ કાર્તિકભાઈએ ૧૯૬૨ સેવાનો આભાર વ્યકત કર્યો હતો.

# પશ્ચિમ રેલવે રાજકોટ દ્વારા પર્યાવરણ દિવસ અંતર્ગત વૃક્ષો વાવ્યા

## અધિકારીઓએ બાલાસોર દુર્ઘટનાનાં મૃતકો પાછળ મૌન પાડ્યું



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

પશ્ચિમ રેલવે રાજકોટ દ્વારા પરિયાવરણ દિવસ અંતર્ગત વૃક્ષો વાવ્યા: અધિકારીઓએ બાલાસોર દુર્ઘટનાનાં મૃતકો પાછળ મૌન પાળ્યું આજે ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ ઠેર ઠેર વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી થશે. વૃક્ષો વાવવાની વાત થશે. વૃક્ષો ઉછેરવાની વાત થશે ત્યારે આપણા રાજકોટ પશ્ચિમ રેલવે પણ વૃક્ષો વાવી જતાં કરવા બધા અધિકારીઓ ભેગા થયા હતા અને "બીટ પ્લાસ્ટિક પોલ્યુશન" થીમ અંતર્ગત વૃક્ષો વાવ્યા. દેશ ભરમાં પરિયાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. લોકો ઠેર ઠેર વૃષો વવી તેને જતાં કરવાનો નિયમ લે છે ત્યારે રાજકોટ પશ્ચિમ રેલવે દ્વારા પણ વૃક્ષો વાવી વૃક્ષોનું જતન કરાયું હતું. થોડા દિવસ પહેલા જ બાલાસોર દુર્ઘટનામાં કેટલાય મસુમોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેમની આત્માને શાંતિ મળે તે માટે રાજકોટ પશ્ચિમ રેલવે ડિવિઝનનાં અધિકારીઓ દ્વારા બે મિનિટનું મૌન પાળ્યું હતું અને તેમને શ્રદ્ધાંજલિ અર્પી. DRM અનિલ કુમાર જૈન, ADRM જે. પી. સેની સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ વર્ષે પશ્ચિમ રેલવે દ્વારા "બીટ પ્લાસ્ટિક પોલ્યુશન" થીમ અંતર્ગત વૃક્ષો વાવી પર્યાવરણ દિવસની ઉજવણી કરી.

# અંકલેશ્વર ઓદ્યોગિક વસાહતના નહીવત વરસાદમાં પણ પ્રદુષિત પાણી મુખ્ય માર્ગો પર ફેલાયા

## ફરિયાદ બાદ જીપીસીબી દ્વારા તપાસ કરી કાર્યવાહી આરંભી

### શું આ રીતે પર્યાવરણ દિવસની ઊજવણી આ રીતે કરાશે?



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

અંકલેશ્વર ઓદ્યોગિક વશાહતમાં સીઝનના પ્રથમ અને નહીવત વરસાદમાં પણ કેટલાક બેજવાબદાર ઉદ્યોગોના પ્રતાપે કેમિકલ યુક્ત અને વિવિધ કલરનું પ્રદુષિત પાણી વસાહતના મુખ્ય માર્ગો પર વેહતાં થયા હતા મુખ્ય માર્ગ થઇ આ પ્રદુષિત પાણી છાપરા ખાડી સુધી જઈ રહ્યું હતું આ જોતા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા જીપીસીબીને ફરિયાદ કરાતા થતા જીપીસીબી અને NCT દ્વારા તપાસ કરી કાર્યવાહી આરંભી હતી.

પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમ પટેલે જણાવ્યું હતું કે "પ્રથમ અને નહિવત વરસાદમાં વિવિધ કલરનું પ્રદુષિત પાણી મુખ્ય માર્ગ અને છાપરા ખાડીમાં વેલ્તું જણાતા અમોએ વસાહતના અલગ અલગ સ્થળોની મુલાકાત લીધી હતી જ્યાં વરસાદી ગટરો અલગ અલગ કલરમાં વેહતી જણાતી હતી કેટલીક કંપનીઓ દ્વારા નિકાલ થયા નું સ્પસ્ટ સ્થળે જણાતું હતું. અમોએ સ્થળના ફોટા-વિડીયો લોકેશન સાથે જીપીસીબીને સ્થળ પર જ આપ્યા છે. કેટલાક બેજવાબદાર ઉદ્યોગકારો દ્વારા ઈરાદાપૂર્વક કરેલ કૃત્ય જણાઈ રહ્યું છે. આખું વર્ષ આ રીતે પર્યાવરણનું નિકંદન કરી ૬ જુને વિશ્વ પ્રયાવરણ દિવસ ઉજવી સતોષની લાગણી અનુભવતા હોય છે. આવું દરેક વર્ષે અને દરેક વરસાદ માં થતું હોવા છતા આને રોકવાનું કોઈ પણ આયોજન થયું નથી. બે મહિના અગાઉ અમોએ લેખિતમાં લાગતા વળગતા દરેકને જણાવ્યું હતું કે આં બાબતે તકેદારીનાં પગલાં લેવા જોઈએ પરંતુ અમારી લેખિત રજૂઆત બાદ પણ પરિસ્થિતિમાં કોઈ ફર્ક પડયો નથી અને વર્ષોથી પર્યાવરણ ને ગંભીર નુકશાન થતું આવ્યું છે જેની ભરપાઈ કરવી પણ મુશ્કેલ છે.

અંકલેશ્વર નોતીફીએડ ઓથોરીટી દ્વારા વરસાદી પાણી અને પ્રદુષિત પાણીને પાળા બાંધી રોકવામાં આવે છે ઓછા વરસાદમાં આ પ્રદુષિત પાણી કોતરોમાં રોકાઈ જમીનમાં ઉતરી જાય છે પરંતુ જયારે વરસાદ વધારે આવે ત્યારે આ પાળા તૂટી જાય છે અને આ પાણી ખાડીઓમાં વહી જાય છે.

# પૂર્વ મંત્રી યોગેશ પટેલે મ્યુનિ. કમિશ્નરને અટલ બ્રિજના કોન્ટ્રાક્ટરને બાકી નાણાં ન ચૂકવવા સુચના આપી



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

રવિવારે સવારે આવેલા વાવાઝોડામાં રાજ્યના સૌથી લાંબા અને બ્રીજના બાધકામની શરૂઆતથી વિવાદોમાં રેહેલા અટલ બ્રિજની નબળી કામગીરી અંગે સંકલન સમિતીમા ધારાસભ્યોએ એક સૂરે મ્યુનિસિપલ કમિશનરનો ઉધડો લીધો હતો. જેમાં પૂર્વ મંત્રી યોગેશ પટેલે અટલ બ્રિજ બનાવનાર કોન્ટ્રાક્ટરનુ બાકી પેમેન્ટ પેન્ડીંગ રાખવા મ્યુનિસિપલ કમિશનરને કડક સુચના આપી હતી.

રવિવારે વડોદરા શહેરમાં પવન સાથે વરસાદી ઝાપટું પડ્યું હતું. જેમાં રાજ્યના સૌથી લાંબા ગેડા સર્કલથી મનિષા ચોકડી સુધી બનેલા અટલ બ્રિજની સેફ્ટી વોલ ધરાશાઈ થઈને રસ્તા પર પથરાઈ ગઈ હતી. આ વોલની કામગીરી એ હદે નબળી હતી કે વોલના બાંધકામમાં વપરાયેલા બ્લોકમાં હલકી ગુણવત્તાનું મટીરિયલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવ્યું હતું. અટલ બ્રિજની સેફ્ટી વોલ ધરાશાયી થતાં પાલિકાના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કોન્ટ્રાક્ટરને બચાવવા ભારે ધમપછાડા કર્યા હતા. ખૂદ મ્યુનિસિપલ કમિશ્નર દિલીપ રાણાએ બ્રિજ નીચે સેફ્ટી વોલ નહિ બલ્કે સ્વચ્છતા વોલ હોવાનું બેજવાબદારી ભર્યુ નિવેદન આપી રણજીત બિલ્ડકોમના કોન્ટ્રાકટરનો લુલો બચાવ કર્યો હતો.

# ગોધરામાં વિવધ સંસ્થા-શાળા દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

## વિજ્ઞાન કેન્દ્ર ગોધરા, સિવિલ લાયન્સ કન્યાશાળા, દલુની વાડી કુમાર શાળા, નૂતન ગુજરાતી મિશ્ર શાળા દ્વારા વૃક્ષારોપણ કરાયું



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

પર્યાવરણ દિવસ એટલે વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. ત્યારે લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા અને સિવિલ લાયન્સ કન્યાશાળા, દલુની વાડી કુમાર શાળા તેમજ નૂતન ગુજરાતી મિશ્ર શાળાના સંયુક્ત ઉપક્રમે આજરોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ દલુની વાડી કેમ્પસમાં રાખી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ત્રણેય શાળાઓના આચાર્ય,શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરા અને સિવિલ લાઈન્સ કન્યાશાળા દલુની વાડી કુમારશાળા તેમજ નૂતન ગુજરાતી મિશ્રા શાળાના સંયુક્ત ઉપક્રમે આજરોજ વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને ગ્લોબલ વોર્મિંગ ની સામે આ વિશ્વને ટકાવી રાખવા માટે વૃક્ષોનું અનેરું મહત્વ છે. ઓક્સિજનનું નિર્માણ કુદરતી રીતે આપણે થાય છે અને તે માત્ર વૃક્ષો દ્વારા થાય છે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નેહરુ યુવા કેન્દ્ર ગોધરા અને સરકારી પોલીટેકનિક કોલેજ ગોધરાના સંયુક્ત ઉપક્રમે એનવાયરમેન્ટ ટોક તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો તેમજ પર્યાવરણની જાળવણી માટે શપથ પણ લેવડાવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં પોલીટેકનિક કોલેજના આચાર્ય બી. જે. સોનાની, NSS પ્રોગ્રામ ઓફિસર ધવલભાઈ વઢેરા, જે. વી. ભોલંદા, પી. એમ શાહ, એલ. જે પડવાલ, એસ. એમ. ગાંધી તેમજ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા.આ કાર્યક્રમનું આયોજન નેહરુ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય યુવા સેવાકર્મી વ્રજ શાહ દ્વારા કરવામાં આવ્યું.

# ગોધરામાં GTPLના સેલ્સ રીન્યુઅલને મોડમ પાછું લેવા મુદ્દે મારતાં મોત

ગોધરાના સુવિધા નગરમાં જીટીપીએલ બ્રોડ બેન્ડનો પ્લાન રીન્યુ ન કરતાં સેલ્સ રીન્યુઅલ વાઈફાઈ મોડમ પાછુ લેવા જતાં એક ઈસમે પ્લાયવુડના લાકડાથી માર મારતાં બેભાન થતાં વડોદરા ખાતે સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ગોધરાની જીટીપીએલ ઓફિસમાં સેલ્સ સેલ્સ રીન્યુઅલ તરીકે આમીર શેખ નોકરી કરતો હતો. સુવિધા નગરમાં ગેતલભાઈ પટેલે જીટીપીએલનું બ્રોડ બેન્ડ રીન્યુઅલ કરાવેલું ન હોવાથી 25 મેએ બપોરે આમીર શેખ સુવિધા નગર ગેતલભાઈની ઓફિસે ગયો હતો. ઓફિસ પર અદ્રૈતભાઈ સતનામી હાજર હતા.

આમીર શેખે અદ્રૈતભાઈને જીટીપીએલના બ્રોડ બેન્ડ રીન્યુઅલ કરેલ ન હોવાથી વાઈફાઈ મોડમ આપવાનું કહ્યું હતું. અદ્રૈતભાઈ એ સાંજે 6 વાગ્યા પછી મોડમ લઈ જજે કહેતા આમીરે કહ્યુ કે મારે સંજયભાઈ સાથે વાત થઈ છે. જેથી વાઈફાઈ મોડમ પાછુ આપી દો કહેતા અદ્રૈત ઉશ્કેરાઈને ઓફિસમાં ફર્નિચરનું કામ ચાલતું હતું પ્લાવુડનું લાકડું લઈને આમીરને હાથે પગે અને માંથાના ભાગે મારતાં તે બેભાન થઈ ગયો હતો. જીટીપીએલના સ્ટાફે આવીને આમીર ને સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી વડોદરાની સારવાર અર્થે દાખલ કર્યો હતો. આમીરે એ ડિવિઝન મથકે ફરીયાદ નોધાવી હતી. વડોદરાની હોસ્પીટલ ખાતે 4 જૂને આમીર શેખનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

# બરોડા મેડિકલ કોલેજના 5 વિભાગોની સીટો વધારવા NMCના નિષ્ણાતોએ મુલાકાત લીધી

બરોડા મેડિકલ કોલેજમાં મેડિસીન, રેડિયોલોજી, ટી.બી. અને ફોરેન્સિક વિભાગમાં સીટો વધારવા માટે નેશનલ મેડિકલ કાઉન્સીલના 4 નિષ્ણાંતોની ટીમે સયાજી હોસ્પિટલ અને બરોડા મેડિકલ કોલેજની મુલાકાત લીધી હતી. આ ટીમ રિપોર્ટ તૈયાર કરી NMCને સુપ્રત કરશે. જે બાદ બેઠકો વધારવાનો નિર્ણય લેવામાં આવશે.

વર્ષ 2020થી બરોડા મેડિકલ કોલેજમાં મેડિસીન, રેડિયોલોજી, ટી.બી. અને ફોરેન્સિક વિભાગમાં P.G.ની સીટો વધારવા માટે કવાયત ચાલી રહી છે. પરંતુ બે વર્ષના કોરોનાકાળને કારણે આ ગતિવિધિ અટવાઈ પડી હતી. જોકે, ઓનલાઈન ઈન્સ્પેક્શન ચાલતું હતું અને રિપોર્ટ તૈયાર કરવામાં આવતા હતા.

દરમિયાન આજે NMCના દેશના વિવિધ વિભાગના નિષ્ણાંતોની ટીમ આજે બરોડા મેડિકલ કોલેજ ખાતે ઈન્સ્પેક્શન માટે આવી પહોંચી હતી. જેમાં ફોરેન્સિક વિભાગ માટે કરનોલ આધ્રપ્રદેશના બ્રહ્માજી માસ્ટર, ટી.બી. વિભાગ માટે કોટા રાજસ્થાનના સુમન ખંગોરત, રેડિયોલોજી માટે નાગપુરના અમીત દીશાવલ અને મેડિસીન વિભાગ માટે ડો. રેખા એમ.સી. આવ્યા હતા. તેઓએ મેડિકલ કોલેજના વિવિધ વિભાગોમાં ઈન્સ્પેક્શન કર્યું હતું. તેઓ સાથે જે તે વિભાગના વડા જોડાયા હતા. ઈન્સ્પેક્શન ટીમને માહિતી પૂરી પાડી હતી.

# રાજપરા લેઉવા પટેલ મંડળ સુરત દ્વારા 31-મો સ્નેહ મિલન સમારોહ યોજાયો



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

સુરત: 04-06-2023 રવિવારના રોજ મોટાવરાછા સુરત ખાતે રાજપરા લેઉવા પટેલ મંડળ સુરતના 31મા સ્નેહમિલન સમારોહમાં બાળકોને નોટબુક વિતરણ તેમજ તેજસ્વી તારલાઓનું તથા દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે રક્તદાન કેમ્પ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજપરા ગામના વડીલમોભી શ્રી શ્રી મુળજીભાઈ ધામેલીયા. શ્રી નરેશભાઈ ધામેલીયા (કોર્પોરેટર) પ્રમુખ શ્રી રાઘવભાઈ ધામેલીયા ની ઉપસ્થિતિમાં રાજપરા-2 ગામના ગૌરવ એવા ડો.જયદીપ ધામેલીયા (MD) ડો કાવેરી ધામેલીયા (ગાયનેક MS) તેમજ કુ.ધારા ધામેલીયા (પોલીસ કોન્સ્ટેબલ)નું વિશેષ સન્માન કરવામા આવ્યું હતુ.

આમંત્રીત મહેમાન શ્રી અંકીત ભાઈ બુટાણી (પ્રમુખ શ્રી યુવા સંસ્કૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ) શ્રી મેહુલ ભાઈ બોઘરા (એડવોકેટ) તેમજ શ્રી જીગ્નેશભાઈ ઢોલા (સામાજિક કાર્યકર) ખાસ ઉપસ્થિત રહી બાળકો યુવાનો વડીલોમાં ઉત્સાહ વધાર્યો હતો.

# પેન્શન ન મળતાં લકવાગ્રસ્ત પિતાને લઈ પુત્ર કચેરીએ પહોંચ્યો



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

ગોધરા નગરપાલિકા કચેરીમાં ઓક્ટ્રોય વિભાગમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર નિવૃત્ત પેન્શનર રક્ષેશકુમાર મોહનલાલ પરીખ પટાવાળા તરીકે નોકરી કરી ચૂક્યા છે. હાલ તેઓ રિટાયર્ડ થઈ ગયા છે અને સંજોગવશ તમને લકવાગ્રસ્ત અને બ્રેન્ડ હેમરેજ જેવી બીમારીથી પીડાઈ રહ્યાં છે. ત્યારે છેલ્લા ચાર મહિનાથી પિતાની માંદગીનો ખર્ચો કરીને થાકી ગયેલા જીગરભાઈ પરીખ ન છૂટકે હક્કનાં પેન્શનના પૈસા માટે તેમજ પોતાના પરિવારની કથડાયેલી પરિસ્થિતિના કારણે છેલ્લા પાંચ મહિનાઓથી પેન્શન વંચિત અને લક્વા ગ્રસ્ત તથા બ્રેન્ડ હેમરેજથી પીડાતા પિતા રક્ષેશ પરીખ અને તેમની માતાને લઈને ગોધરા નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસરની ચેમ્બરની સામે ધારણા ઉપર બેસી ગયા છે. જ્યાં સુધી નગરપાલિકા તંત્ર પેન્શનના નાણાંનું ચુકવણું નહીં કરે ત્યાં સુધી તેઓ પોતાના પિતા અને માતાને લઈને અહીંબેસી રહેશે.

ગોધરા નગરપાલિકા ઓક્ટ્રોય વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા નિવૃત્ત પેન્શનના રક્ષેશકુમાર મોહનલાલ પરીખને હાલ લકવાગ્રસ્ત અને બ્રેન હેમરેજ જેવી બીમારીથી પીડાઈ રહ્યા છે. છેલ્લા ચાર મહિનાથી જીગરભાઈ પરીખ પિતાની માંદગીના બીમારીનો ઈલાજ કરાવે છે. હાલમાં તેમના પિતાનું પાંચ મહિનાથી પેન્શન થયેલું નથી. નગરપાલિકા ચીફ ઓફીસરને પેન્શનની માંગણી કરવા છતાં અમને પેન્શન આપવામાં આવતું નથી.

# ઉનાળુ વેકેશન બાદ આજથી સ્કૂલો શરૂ, વિદ્યાર્થીઓમાં ઉત્સાહ



ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

2024-025ના નવા શૈક્ષણિક સત્રનો આજથી પ્રારંભ થયો છે. સવારની સ્કૂલોમાં અભ્યાસ કરવા માટે આવેલા વિદ્યાર્થીઓથી સ્કૂલોનું કેમ્પસ પ્લે સેન્ટરના ભુલકાંઓ અને વિદ્યાર્થીઓના કિલકારીથી ગુંજી ઉઠ્યા હતા. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને પાસ થઈને ઉપરના વર્ગમાં ગયેલા વિદ્યાર્થીઓમાં સ્કૂલે જવાની ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

શૈક્ષણિક સત્રના સૌથી લાંબા ઉનાળુ વેકેશનને ઉત્સાહભેર માણીને આજથી શરૂ થયેલી શાળાઓમાં જવા માટે વિદ્યાર્થીઓએ રવિવારથી જ સજ્જ થઈ ગયા હતા. પોતાના ધોરણના પુસ્તકો, નોટબૂકો, ગણવેશ, બેગ જેવી વિવિધ ચીજવસ્તુઓ ખરીદી રવિવાર સુધીમાં પૂરી કરી દીધી હતી.

# ગોધરામાં બાઈક લઈને પસાર નહિ થવાની બાબતે મામલો ઉગ્ર બનતાં સામસામે પથ્થરમારો

ન્યુઝ બ્યુરો : **ગુજરાત પહેરેદાર**

ગોધરાના શહેરા ભાગોળ ખાતે રેલ્વે ફાટક નીચે અંડર પાસ બનતો હોવાથી ખાડી ફળીયા વિસ્તારમાંથી આવતો રસ્તો બંધ થઈ ગયો છે. જેને લઈને ખાડી ફળીયા વિસ્તારના લોકો શહેરા ભાગોળના કુંભારવાડા પાસેની રાજશ્રી ટોકીજની ગલીમાંથી જઈ રહ્યા છે. રવિવારની મોડી સાંજે કાદરખાન પઠાણ બાઈક લઈને રાજશ્રી ટોકીઝવાળી ગલીમાંથી પસાર થતો હતો. ત્યારે બાઈક લઈને પસાર થવા બાબતે બોલાચાલી થતાં કાદરખાન પઠાણની મયુર પરમાર સાથે બોલાચાલી થતાં મામલો ઉગ્ર બનતા મારામારી થઈ હતી. કાદરખાન પઠાણ ખાડી ફળીયા વિસ્તારમાં જઈને કહેતા બાદશાહ બાવાની ટેકરીના લોકોનું ટોળું રાજશ્રી ટોકીઝની ગલી પાસે પહોચી ગયું હતું. મામલો ઉગ્ર બનતા બંને કોમના ટોળા સામસામે આવીને પથ્થરમારો કરતાં વિસ્તારમાં અફરાતફરી મચી હતી.

# ગુજરાત પહેરેદાર ન્યૂઝ કાર્યાલયનો દાહોદમાં શુભારંભ કરાયો

દાહોદઃ તારીખ ૫મી જૂનના રોજ દાહોદ સ્થિત માત્ર ટૂંકા સમયમાં પત્રકારિત્વમાં ખ્યાતિ ધરાવતા અક્ષયકુમાર દિનેશભાઈ પરમાર તેમજ દિનેશકુમાર પરમાર ના નેતૃત્વમાં દાહોદ ખાતે લોકોના પ્રાણ પ્રશ્નોને વાંચા આપવાના ઉદ્દેશથી દાહોદ શહેરમાં પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું “ગુજરાત પહેરેદાર” ન્યૂઝ ના કાર્યાલયનું શુભારંભ કરવામાં આવ્યું હતું. તેમા પધારેલ મહેમાનશ્રી તરીકે દાહોદ જિલ્લાનાં ધારાસભ્ય શ્રી કનૈયાલાલ કિશોરી સાહેબ, GPS લાઠીયા સાહેબ, ગરબાડાના ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર સાહેબ, માજી સૈનિક સંગઠન ગ્રુપ સાહેબના શંકરભાઈ મોહનીયા, પૂર્વ ધારાસભ્યશ્રી વજેસિંગભાઈ પણદા, તથા હિંમતભાઈ પરમાર, વકીલ સાહેબ તેમજ પત્રકાર મિત્રોએ હાજરી આપી હતી. સાથે ભગવાનને ફુલમાળા પહેરાવી દીપ પ્રાગટ્ય કરીને સફળ કાર્ય માટે શુભેચ્છા આશીર્વાદ આપ્યા હતા અને કાર્યાલયનું શુભારંભ કરવામાં આવ્યું હતું. તેમા અક્ષયભાઈ તેમજ દિનેશભાઈ દ્વારા દાહોદ સ્થિત સૌ પત્રકાર મિત્રોનું તેમજ પધારેલા મહેમાનશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



રિપોર્ટરઃ અક્ષયકુમાર ડી. પરમાર, ગુજરાત પહેરેદાર, દાહોદ

# ભરૂચ ઝઘડીયા ગેંગવોરના મુખ્ય સૂત્રધાર સહિત 5થી વધુ માથાભારે તત્વોની ધરપકડ

ન્યૂઝ બ્યુરોઃ **ગુજરાત પહેરેદા**

ઝઘડીયામાં 2 જૂથ વચ્ચે થયેલ ગેંગવોરનો મામલો 8થી 10 રાઉન્ડ ફાયરીંગ, 10થી વધુ કારમાં નુકશાન માથાભારે તત્વો સામે કાર્યવાહી થવી જોઈએ : સાંસદ પોલીસે ગણતરીના કલાકોમાં કરી બતાવી કામગીરી મુખ્ય સૂત્રધાર સહિત 5થી વધુ લોકોની કરી ધરપકડ ભરૂચ જિલ્લાના ઝઘડીયા GIDC વિસ્તારમાંથી ગતરોજ ધંધાકીય હરીફાઈમાં 8થી 10 રાઉન્ડ ફાયરિંગ થતાં ગેંગવોરની ઘટના સામે આવી હતી. આ સાથે જ વાહનોમાં તોડફોડ કરાવવા પાછળ મોટા માથાઓનો હાથ હોવાનો સાંસદ મનસુખ વસાવાએ આક્ષેપ કરી વહિવટી તંત્રની નિષ્ફળતાના કારણે આ ઘટના બની હોવાનું જણાવ્યુ હતું. આ મામલે પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય સૂત્રધાર સહિત 5થી વધુ માથાભારે તત્વોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં વિડિયો સોશ્યલ મિડિયા પર વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૫૦ હજારની માંગ

રિપોર્ટરઃ **અક્ષયકુમાર ડી. પરમાર, ગુજરાત પહેરેદાર**, દાહોદ

દાહોદઃ દાહોદના ૨૮ વર્ષીય એક યુવાન વેપારીના નગ્ન વીડીયો બનાવી કોઈ અજાણી સ્ત્રીએ સોશ્યલ ચેટીંગ એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ડ ઉપર આઈડી બનાવી તે વિડિયો સોશ્યલ મિડિયા પર વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૫૦ હજારની માંગમી કરી રૂા. ૧૫૦૦૦ ગુગલ પે મારફતે મંગાવી બ્લેકમેલ કર્યાનું જાણવા મળ્યું છે.

અવાર નવાર વધુ રૂપિયા પડાવવાની દાનતથી નગ્ન ફોટા સોશીયલ મિડિયામાં વાયરલ કરવાની ધમકી આપતો હોઈ આ સંબંધે બ્લેકમેલીંગનો ભોગ બનેલ વેપારીએ દાહોદ બી ડિવિઝન પોલિસમાં ફરિયાદ નોંધાવતા પોલિસે આ મામલે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મેક ઈન ઈન્ડિયા દ્વારા તૈયાર કરાયેલ આધુનિક સાધનોથી સજ્જ “સમુદ્ર પાવક” જહાજ દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ માટે રહે છે તૈનાત


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

દરિયાઈ વિસ્તારની સુરક્ષાની સાથે સાથે ભારતીય કોસ્ટગાર્ડ દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ માટે પર્યાવરણ મિત્ર બનીને કાર્યરત રહે છે. મેક ઈન ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલ “સમુદ્ર પાવક” નામનું જહાજ દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ માટે ખૂબ જ મહત્વનું અને આધુનિક સુવિધા અને સાધનોથી સજ્જ જહાજ છે.

પૃથ્વીના ૭૧ ટકા વિસ્તારમાં પાણી અને ફક્ત ૨૯ ટકા વિસ્તારમાં જમીન ભાગ છે. અને માનવ વસાહતો જમીન ભાગમાં હોવાથી આ ભાગમાં અલગ અલગ રીતે થતાં પ્રદૂષણ નિયંત્રણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર અને વિવિધ સંસ્થાઓ તથા પર્યાવરણ પ્રેમીઓ કાર્યરત રહે છે. પણ, વિવિધ દેશો વચ્ચે માલની આયાત અને નિકાસ દરિયાઈ માર્ગે થતી હોય છે. તથા વિવિધ નાના મોટા કારખાનાઓ પણ દરિયા કિનારે આવેલા હોય છે. ત્યારે વિવિધ કારણોસર દરિયામાં પ્રદૂષણ થતું હોય છે. ખાસ કરીને દરિયામાં ક્રૂડ ઓઈલ ઢોળાઈ તો દરિયાઈ જીવ સૃષ્ટિનુ અસ્તિત્વ જોખમમાં મૂકાઈ જાય છે. જેથી દરિયાઈ પ્રદૂષણની અસર દરિયાઈ જીવો અને પર્યાવરણ પર જોવા મળતી હોય છે. દેશમાં ગુજરાતને સૌથી લાંબો દરિયા કિનારો મળ્યો છે. જેથી ગુજરાતમાં સારો એવો મત્સ્યદ્યોગ પણ વિકસ્યો છે. વેરાવળ, પોરબંદર સહિત મહત્વના કેન્દ્રો પર મત્સ્ય ઉદ્યોગ વિકાસ પામ્યો છે. મચ્છી ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર પણ માછીમારો અને બોટ માલિકોને વિવિધ યોજનાકીય સહાય અને સબસીડી પણ આપે છે. આ ઉપરાંત ગુજરાતના બંદરો પરથી અન્ય દેશો સાથે માલની આયાત નિકાસ દરિયાઈ માર્ગો પરથી થાય છે. ત્યારે દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ માટે ભારતીય કોસ્ટ ગાર્ડની ટીમ “કોસ્ટ ગાર્ડ પોલ્યુશન કંટ્રોલ રિસ્પોન્સ ટીમ” રાજ્યમા આવેલા વિવિધ પોર્ટ પર દર ૬ મહિને પોર્ટ પર કાર્યરત પ્રદૂષણ નિયંત્રણ માટેના સાધનોનું નિરીક્ષણ કરે છે. ખાસ કરીને જે પોર્ટ પરથી આયાત નિકાસ અને વિવિધ ઓઈલ ટ્રાન્સપોર્ટ થતું હોય તેવા પોર્ટ પર ખાસ ફોકસ કરીને નિયમિત નિરીક્ષણ કરવામાં આવે છે. આ ઉપરાંત દરિયાઈ ઓઈલ પ્રદૂષણ નિયંત્રણ માટે મેક ઈન ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલા

“સમુદ્ર પાવક” નામનું જહાજ મહત્વની ભૂમિકા ભજવે છે. દરિયાઈ સુરક્ષાની સાથે સાથે દરિયાઈ પ્રદૂષણ કંટ્રોલ માટે પણ કોસ્ટગાર્ડની ટીમ તૈનાત રહેશે. દરિયામાં કોઈ પણ લેવલનું ઓઈલ ઢોળાઈ તો સ્થાનિક પોર્ટની સાથે સાથે “સમુદ્ર પાવક” જહાજ દરિયાઈઓઈલપ્રદુષણ નિયંત્રણની સાથે રેસ્ક્યું માટે ખૂબ જ આધુનિક જહાજ છે. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા નિયમિત મોકડ્રિલ પણ યોજાતી હોય છે. આમ ભારતીય કોસ્ટગાર્ડ દેશના દરિયાઈ માર્ગોની સુરક્ષા કરવાની સાથે સાથે દરિયામાં થતાં પ્રદૂષણ નિયંત્રણ માટે પણ તૈનાત રહે છે.

# ગુજરાતનાં વ્યારામાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજની સ્મારકનું ભવ્ય ભૂમિપૂજન

ગુજરાતના વ્યારા ખાતે શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સમિતિ વ્યારા દ્વારા વ્યારા શહેરમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજની અશ્વરૂઢ પ્રતિમાના સ્મારકનું ભવ્ય ભૂમિપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, તાપી જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જયરામભાઈ ગામીત, ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકણી, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સમિતિ સુરતના અધ્યક્ષ શ્રી છોટુભાઈ પાટીલ, પ.પૂ. ગણેશદાસજી મહારાજ, અતિથિવિશેષ તરીકે તાપી જિલ્લા ભાજપના મહામંત્રી વિક્રમભાઈ તરસાડીયા, વ્યારા નગરપાલિકાના અધ્યક્ષ શ્રીમતી સેજલબેન રાણા, વ્યારા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી જસુબેન ગામીત, વ્યારા શહેર ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સમિતિના મહામંત્રી મેહુલભાઈ ચૌહાણ, શ્રી સુનિલ પાટીલ, વ્યારા શહેરના વિવિધ સમાજના આગેવાનો, શહેરના અગ્રણી નાગરિકો, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સમિતિ, વ્યારાના સૌ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શિવપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

# અદાણી CNGના ભાવમાં 80 પૈસાનો વધારોઃ ગુજરાતના લોકો પર મોંઘવારીનો વધુ એક ઝટકો

ન્યૂઝ બ્યુરોઃ **ગુજરાત પહેરેદાર**

ગુજરાત અને દેશભરમાં સતત વધતી જતી મોંઘવારીમાં વધુ એકવાર CNG ગેસના ભાવમાં વધારો થયો છે. અદાણી CNGના ભાવમાં 80 પૈસાનો વધારો થયો છે. હવે વાહનચાલકોએ અદાણી ગેસના CNG માટે 75.09 રૂપિયા પ્રતિ કિલો ચૂકવવા પડશે. આ વધેલા ભાવ આજથી અમલી થઈ ચૂક્યા છે. અગાઉ અમદાવાદામાં CNGનો ભાવ 74.29 રૂપિયા હતો. મહત્વનું છે કે 2 મહિના પહેલા કેન્દ્ર સરકારે CNG ગેસના ભાવમાં ઘટાડો કર્યો હતો. ભારત સરકારના નિર્ણય બાદ અદાણી ગેસે CNGમાં 6થી 7 રૂપિયાનો ઘટાડો કર્યો હતો. દેશમાં સતત વધતી મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. આ વચ્ચે હવે અદાણીના CNGના ભાવમાં ફરી વધારો કરાયો છે.

# રાજકોટમાં વધ્યા આપઘાતના બનાવઃ માતાએ પોતાના બે બાળકોને મોતને ઘાટ ઉતારી પોતે પણ ગળે ટૂંપો દઈ દીધો


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

રાજકોટમાં વધ્યા આપઘાતના બનાવઃ માતાએ પોતાના બે બાળકોને મોતને ઘાટ ઉતારી પોતે પણ ગળે ટૂંપો દઈ દીધો રાજકોટમાં દિવસેને દિવસે આત્મહત્યાના બનાવ વધતા જઈ રહ્યા છે. લોકોમાં સહન શક્તિ પૂરી થઈ ગઈ હોય તેમ લોકો નાની નાની વાતે અમૂલ્ય જીવનનો અંત કરી નાખે છે. લોકો આત્મહત્યાની જાણે છેલ્લું પગલું વિચારી પોતાના જીવનનો અંત કરી બેસે છે જે તદન ખોટી વાત છે. રાજકોટમાંથી તેવો જ એક વિચિત્ર અને હચમચાવી દેતો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક માટે જ પોતાના બે સંતાનને એસિડ પીવડાવી મારી નાખ્યાં બાદ પોતે પણ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું. મળતી માહિતી અનુસાર ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતી પરિણીત મહિલા પોતાના પતિના આડા સંબંધથી થઈ કંટાળીને આત્મહત્યાનું પગલું ભર્યું હતું. પહેલા તેને પોતાના જ બે બાળકોને એસિડ પીવડાવી મોઢે ડૂચો ભરવી દીધો હતો જેથી બાળકો એસિડ બહાર કાઢી ન શકે આમ કરવાથી બાળકોનું મૃત્યુ થયું હતું ત્યાર બાદ તેને પોતે ઘરે ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું.

# સહકાર ભારતી આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી ચેમ્પિયન બની

વડોદરાઃ સહકારી ક્ષેત્રમાં માત્ર સહકારી કાર્યો જ નહિ પરંતુ પોતાના ક્ષેત્રના કર્મચારીઓ અને સભાસદોને ખેલકૂદમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી સહકાર ભારતી ગુજરાત દ્વારા વડોદરા સ્થિત ઓલ વડોદરા કો. ક્રેડિટ સોસાયટી માટેની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વડોદરા સ્થિત વિવિધ સોસાઈટીઓએ ભાગ લીધો હતો અને દર્શકોને પોતાનામાં રહેલી ખેલકૂદની આવડત દર્શાવી હતી જેમાં ફાઈનલમાં વિજેતા ટીમ તરીકે બરાનપુરા સ્થિત શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી ચેમ્પિયન બની હતી.



ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર

# વડોદરામાં સગીરાના ઘરે જઈ જાતીય સતામણી કરતા વિધર્મી સામે ફરિયાદ

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી સગીરાની સાથે મિત્રતા કરી તેના ઘરે આવી વારંવાર જાતીય સતામણી કરતા વિધર્મી યુવાન સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઇ છે. પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

ગોરવા પોલીસ સ્ટેશનમાં નોધાયેલી ફરિયાદ મુજબ શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી સગીરા સાથે તાંદલજા ગામમાં રહેતા મહંમદ કૈફ સાથે સંપર્ક થયો હતો. સગીરા સાથે મિત્રતા કર્યા બાદ અવાર-નવાર દિવસના સમયે તેના ઘરે પહોંચી જતો હતો અને આવી તેની જાતીય સતામણી કરતો હતો.

મહમદ કૈફ ઈકબાલની જાતીય સતામણી વધી જતા તેનાથી કંટાળીને સગીરાએ પરિવારને જાણ કરી હતી. આ દરમિયાન પરિવાર તરફથી સગીરાને હિંમત અપાતા પરેશાન કરી રહેલા મહંમદ કૈફ સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસે મહંમદ કૈફ સામે ગુનો દાખલ કરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# આરએસએસ ગંગા સમગ્ર દ્વારા ગુજરાતભરમાં પર્યાવરણ દિવસની ઉજવણી

ન્યૂઝ બ્યુરોઃ **ગુજરાત પહેરેદાર**

ગુજરાતઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભગિની સંસ્થા “ગંગા સમગ્ર” ના પદાધિકારીઓ દ્વારા તા. ૫મી જૂન ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ ના અવસરે ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને તાપી સોનગઢ ખાતે પર્યાવરણ લક્ષી વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં તાપી અને વિશ્વામિત્રી નદીના કાંઠે મહાઆરતી, તેમજ તમામ જગ્યાએ નદીઓ, તળાવોની સાફસફાઈ સાથે વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું મહત્વ તેમજ પ્રદૂષણ નિયંત્રણ કરવા માટે લોકો સુધી સંદેશો પહોંચાડ્યો હતો. ઉલ્લેખનિય છે કે “ગંગા સમગ્ર” સંપૂર્ણ ભારતમાં માં ગંગા તેમજ સમગ્ર નદીઓ, તળાવોની સાચવણી, જાળવણી, સાફસફાઈ અને પર્યાવરણ લક્ષી કાર્યો કરે છે અને તેના કાર્યોની ગ્રામ પંચાયત થી લઈને કેન્દ્ર સરકાર દ્વારા પ્રશંસા કરવામાં આવી છે.


ન્યુઝ બ્યુરો : ગુજરાત પહેરેદાર


## જોઈએ છે.. જોઈએ છે

સમગ્ર ગુજરાતમાં પ્રજાનો આત્મવિશ્વાસ ધરાવતું ગુજરાતી સાપ્તાહિક ન્યુઝ પેપર અને સોશ્યલ મીડિયા ન્યૂઝ ચેનલ માટે શહેર, જિલ્લા અને તાલુકા સ્તરે જોઈએ છે.
પત્રકારો, બ્યુરોચીફ, ન્યુઝ એન્કર, જાહેરાત એજન્સી અને પેપર વિતરકો

ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

## વેપારી-જનતા માટે આકર્ષક ઓફર

ગરવી ગુજરાતમાં લોકોના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું ખ્યાતનામ ગુજરાત પહેરેદાર ગુજરાતી સાપ્તાહિક અખબારમાં તમારા ઉદ્યોગ ધંધાની જાહેરાત, શુભેચ્છાઓ અને શ્રદ્ધાંજલિ આપવા માટે સંપર્ક કરો.

જાહેરાતના દર : 11 X 9 સે.મી. જાહેરાત રૂા. 2500/-
5 X 9 સે.મી. જાહેરાત રૂા. 1000/-
5 X 9 સે.મી. જન્મ દિવસ શુભેચ્છા 800/-
7 X 9 સે.મી. શ્રદ્ધાંજલી રૂ. 700/-

ગુજરાત પહેરેદાર
Email : gujaratpaheredar@gmail.com
9925368282 / 9824368282

## ઓફિસ ખરીદવાની ઉત્તમ તક ગાય સર્કલ પાસે, અકોટા

1400 સ્કે.ફુટ કારપેટની ઓફીસ
Alloted Car parking • Vaastu Compliant
Suitable for CA/ Advocates/ Architects/ Corporates
Price only ₹ 70 lacs
Call - 9724135559









## ગુજરાત પહેરેદાર સાપ્તાહિક ન્યૂઝ પેપર

કોર્પોરેટ ઓફિસઃ 160- વિગ્સ કોમ્પલેક્ષ, કટારીયા શો રૂમ સામે, મકરપુરા રોડ, વડોદરા, ગુજરાત - 390010

બ્રાંચ ઓફિસઃ ટી એફ-36, દર્શનમ ટ્રેડ સેન્ટર-1, સૂર્યા પેલેસથી દર્શનમ્ ટાઉનશિપ રોડ, સયાજીગંજ, વડોદરા - 390020

તમારી આસપાસ બનતી ઘટનાઓ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુષ્કર્મ અને અન્યાયની અમને જાણ કરો તેમજ સમાચાર, ઈવેન્ટ અને જાહેરાત માટે સંપર્ક કરો.
(*માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે)

તંત્રીઃ દક્ષા પ્રકાશ યાદવ (મો.) 9925368282 | સહ તંત્રીઃ પ્રકાશભાઈ યાદવ (મો.) 9824368282

Website: www.gujaratpaheredar.com | Email: gujaratpaheredar@gmail.com

Owner / Publisher & Printer : DAXA PRAKASH YADAV, 67-SUNDRANI BHAVAN, SHANTI PRAKASH, HOUSING SOCIETY, VAVDI BHUJARG, GODHRA, PANCHAMAHAL, GUJARAT-389001, INDIA
Printed at : Krishna Graphics & Printers, Basement, Neelam Apartment-2, Matruchhya Colony, Subhanpura, Vadodara - 390 023. Gujarat - India.